### ગાગરમાં સાગર

## દ્વારકાના શંકરાચાર્ય પૂજ્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજીની અમૃતવાણી



● વર્તમાન સમયની વિડંબના એ છે કે હિંદુ ધર્મમાં હોવા છતાં પણ કેટલાક લોકો વેદોમાં વર્ણવેલ વૈજ્ઞાનિક નીતિશાસ્ત્રમાં માનતા નથી અને નાસ્તિકોની જેમ વર્તે છે.

● તેઓ ગાય પ્રત્યે ઉપેક્ષિત વલણ ધરાવે છે જે ઘાસ ખાધા પછી આપણને અમૃત જેવું દૂધ આપે છે અને ગૌહત્યા રોકવા અંગે જાગૃતિ દર્શાવતા નથી.

● દરેક હિંદુ ધાર્મિક વ્યક્તિના ઘરમાં એક ગાય હોવી જોઈએ. જો ઘરમાં ત્રણથી ચાર ગાડીઓ હોય તો ગાય પણ હોવી જોઈએ. જો દરેક વ્યક્તિ ગાયોનું પાલન કરવાનું શરૂ કરે તો ગૌહત્યાનો ખતરો પણ ખતમ થઈ જશે.

● ગાય પ્રત્યેની આપણી ભક્તિ વધશે તો સનાતન ધર્મનો પ્રભાવ પણ વધશે.

● હિંદુ ધર્મને અનુસરવામાં કોઈ મનસ્વીતા ન હોવી જોઈએ. વેદ, પુરાણ વગેરેમાં દર્શાવેલ નિયમો અને નિયમોનું આપણે જેટલી નિષ્ઠાપૂર્વક પાલન કરીશું, તેટલી જ આપણી વફાદારી મજબૂત થશે.

● આપણે બધા ભારતીય છીએ, આનો પુરાવો આપણા ધર્મશાસ્ત્રની પરંપરાઓ પરથી જાણવા મળે છે.

● આ વિભાગનું નામ વિશ્વના સૌથી જૂના પુસ્તક ઋગ્વેદ કાળમાં પણ જોવા મળે છે.

● કોણ ભારતીય છે તે નક્કી કરવાનો પુરાવો એ છે કે જે દેશના ધાર્મિક ગ્રંથોમાં ભારત શબ્દના પુરાવા મળ્યા છે, તે જ સાચો

સંકલન - રોહિત દવે

## પ્રાંતિયા ગામે મેરી માટી મેરા દેશ અંતર્ગત વિશેષ સન્માન સાથે શપથવિધિ સમારોહ યોજાયો



પ્રાંતિયા ગામને મેરી માટી મેરા દેશ ઉજવણી અંતર્ગત વિશેષ સન્માન કાર્યક્રમ પ્રાંતિયા ગ્રામ પંચાયત પ્રાથમિક શાળાતથા હાઈસ્કૂલ ના આચાર્ય શિક્ષકગણ સરપંચ સહિત ગ્રામજનો અને બાળકો દ્વારા ઉજવણી માં શિલફલકમ સમર્પણ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી સલામી આપી શપથવિધિ સમારોહ વસુધા વંદન કરી વિશેષ સન્માન સાથે ભવ્ય ઉજવણી ઉમંગ ઉત્સાહ ભેર કરવામાં આવી હતી

## એસ.જી. માધ્યમ પ્રાથમિક શાળામાં નોન ફાયર કુકિંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બાળકોમાં દેશભક્તિ વધે તે હેતુથી આપણા દેશના ત્રિરંગાને અનુરૂપ નોન ફાયર કુકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોમાં ખાદ્ય સામગ્રીનીનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ સુંદર વાનગીઓ બનાવી સુંદર રીતે સુશોભિત કરી હતી.



## ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બાળમેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

તારીખ ૯ અને ૧૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ ચિલોડા પ્રાથમિક શાળામાં ધોરણ એક થી પાંચ ના બાળકો માટે બાળમેળો અને ધોરણ ૭ થી આઠ ના બાળકો માટે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં તારીખ ૯મી ઓગસ્ટ ના રોજ બાળકોના હસ્ત કૌશલ્ય અને સર્જનાત્મક શક્તિને પોષક એવી ચિત્રકામ, માટી કામ, કાગળકામ, ચિટકકામ, રંગપૂરણી જેવી પ્રવૃત્તિઓમાં ધોરણ એક થી પાંચ ના બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. તારીખ ૧૦ મી ઓગસ્ટ ના રોજ બાળકોના માનસિક વિકાસ અને કૌશલ્ય વિકાસ દ્વારા જીવનમાં ઉપયોગી ઝુમ્મર બનાવવા, તોરણ બનાવવા, ઘર બનાવવું, વીજળીના વાયરો જોડવા, રંગોલી પૂરવી, વોલપીસ બનાવવા, ખાણીપીણીના સ્ટોલ, લીંબુ સરબતનું સ્ટોલ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી જેમાં બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. આ પ્રસંગે શાળાના શિક્ષક ભાઈઓ બહેનોએ ખૂબ સુંદર આયોજન કર્યું હતું. એસએમસીના સભ્યો, ગ્રામજનો તેમજ વાલીઓએ શાળાની મુલાકાત લઈ બાળકોની પ્રવૃત્તિઓ નિહાળી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોને આર્ટ એન્ડ ક્રાફ્ટ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત માટીમાંથી ઘડુલો, ગલ્લો, અગરબત્તી નું સ્ટેન્ડ, શિવલિંગ, કોડિયા તેમજ અન્ય વસ્તુઓ બનાવવાનો પ્રત્યક્ષ અનુભવ આપવામાં આવ્યો હતો.



## વિજ્ઞાન ગુર્જરી દ્વારા સે-૬ સરસ્વતિ વિદ્યાલયમાં કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

વિજ્ઞાન ગુર્જરીના નેજા હેઠળ ડોક્ટર રાજેશભાઈ રાઠોડના નેતૃત્વમાં સેક્ટર ૬માં આવેલી સરસ્વતિ વિદ્યાલયમાં કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી ઉપસ્થિત મહેમાનનું સુતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ગોપાલસિંહ સોલંકીએ શાળા પરિવાર તરફથી મહેમાનનું સ્વાગત કર્યું હતું.ત્યારબાદ ઉપસ્થિત મહેમાન ડોક્ટર રાજેશભાઈ રાઠોડે વિજ્ઞાન વિશે સરળ ભાષામાં વિદ્યાર્થીઓને માહિતીઆપી હતી. વિદ્યાર્થીઓએ રોજિંદા જીવન વ્યવહારમાં વિજ્ઞાન નો ઉપયોગ તેમજ પ્રાકૃતિક ચીજ વસ્તુઓનો ઉપયોગ, મોબાઈલનો ખપ પૂરતો ઉપયોગ વગેરે વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. ફિલ્મોમાં જોવા મળતા વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોણ ની સમજ વિદ્યાર્થીઓને આપી હતી. વિદ્યાર્થીઓએ ખૂબ જ રસ પૂર્વક આ કાર્યક્રમને નિહાળ્યો હતો. અંતે શાળાના શિક્ષિકા મધુબેન લેઉવાએ આભાર વિધિ કરીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા મીનાક્ષીબેન ચાવડાએ કર્યું હતું.






સરકારી વિનયન કોલેજ ગાંધીનગરમાં ૪-૨૦ અને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સપ્તધારાની જ્ઞાનધારા અને સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તા ૯/૮/૨૦૨૩ના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે ડો. ભગવાનદાસ પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. આ વ્યાખ્યાનમાં તેમને પોતાના આદિવાસી સંશોધના એમના અનુભવો વર્ણવ્યાં અને આદિવાસી જીવનશૈલીનો પરિચય કરાવ્યો. કૉલેજ સ્ટાફ તેમજ ખુંબ જ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓએ વ્યાખ્યાન ઉત્સાહભેર સાંભળ્યું હતું. અધ્યાપક ભાનુબેન કાપડિયા, પૂર્વીબેન ઓઝા, મીનાબેન બંજારા, ચારુબેન અધ્વર્યુ અને પ્રાંજલિ દિઘે દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું મીનાબેન બંજારા, ચારુબેન અધ્વર્યુ અને પ્રાંજલિ દિઘે દ્વારા કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

## શેઠ સી.એમ.શાળા દ્વારા વાલી-સહચિંતન બેઠકનું ભવ્યાતિભવ્ય આયોજન







ગાંધીનગર, તા. ૧૧

શૈક્ષણિક વર્ષ—૨૦૨૩-૨૦૨૪ ધોરણ- ૧૦ તથા ધોરણ-૧૨ માટે વાલી સહચિંતન શિબિરનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા ખીમજી વિસરામ હોલમાં કરવામાં આવ્યું હતું શાળાના આચાર્ય ડૉ.ચેતનાબેન બુચ દ્વારા વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક આયોજનો પરીક્ષાના ભાવી આયોજન તેમજ શિસ્ત અને ખૂબ ઉત્કૃષ્ટ પરિણામો આવે તે માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું આજના આ તણાવગ્રસ્ત જીવનમાં કઈ રીતે સમાયોજન સાધવું અને ઉત્કૃષ્ટ પરિણામ લાવવું તેવી શીખ આપવામાં આવી હતી. વાલી બાળકોને સમય આપે, સંવાદ કરે, મૂલ્યનિષ્ઠ શિક્ષણ ઉપર ભાર મૂકે તેની સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખૂબ વિશાળ સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.તેમાંથી તેમના પ્રતિનિધિ સ્વરૂપે ઘણા બધા વાલીઓએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક તેમજ શાળા વ્યવસ્થા સંદર્ભે પ્રશ્નો પૂછ્યા હતા. અને તેના ખૂબ સંતોષજનક ઉત્તર આચાર્ય ડો.ચેતના બુચ સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ અને એચ.એમ. અસારી દ્વારા આપવામાં આવ્યા હતા.શ્રી જે.બી.પટેલ દ્વારા ત્નઈઈ/દ્નઈઈ્, એસ.પી.પટેલ દ્વારા બોર્ડ પરીક્ષા/ગુજકેટ તથા શ્રી કે.એમ.પટેલ દ્વારા જીર્ન્ઉ ન્ઈછઈદ્નઈઈ,હ્લછજી્‌ઈછઝ્રદ્ગ તથા બેઝિક ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિત વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલીગણ દ્વારા ખૂબ હકારાત્મક સૂચનો પણ કરવામાં આવ્યા હતા.

## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજમાં એઈડ્સ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો



ગાંધીનગર, તા. ૧૧

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ કોલેજ દ્વારા એઈડ્સ અવેરનેસ પ્રોગ્રામ નું આયોજન

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ કોલેજ દ્વારા રેડ રિબન કલબ હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલ કોર્ડિનેટર પ્રો. યાર્નિકા ગુપ્તા અને ડો. દિવ્યા શાહ દ્વારા પ્રિન્સિપાલ ડો રાજપ્રિ યા પટેલ ના માર્ગદર્શન હેઠળ એઈડ્સ અવેરનેસ પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા બિકોમના વિદ્યાર્થીઓને એઈડ્સ વિશે માહિતી આપવામાં આવી હતી, તથા એક શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

## એસ. વી. સ્કૂલમાં નોન- ફાયર કૂકીંગ ટ્રાઈકલર ફૂડ કોમ્પીટિશન યોજાઈ



ગાંધીનગર, તા. ૧૧

સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. વી. અંગ્રેજી પ્રાયમરી શાળામાં ધોરણ ૫ થી ૮ નાં વિદ્યાર્થીઓ માટે નોન-ફાયર કૂકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં દરેક વિદ્યાર્થી ઓ દ્વારા ઉત્સાહ્પૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થી ઓ દ્વારા વિવિધ વાનગી ઓ જેવી કે, અલગ અલગ પ્રકાર નાં સલાડ ડેકોરેશન, સેંન્ડવિચ, ઈડલી, ભેળ આવી ઘણી બધી વાનગીઓ ત્રિરંગાના કલરની બનાવી ખૂબ જ સુંદર પ્રદર્શન કરાયુ હતું. જેમાં શાળાનાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતું. જેનાંથી વિદ્યાર્થીઓમાં આગ વગર બનાવવામાં આવતી પોષણયુક્ત ખોરાક ખાવાની જાગરૂકતા વધી હતી.

## કલોલમાં બી આર.સી.કક્ષાએ કલાઉત્સવનું આયોજન કરાયુ

ગાંધીનગર, તા. ૧૧

જીસીઈઆરટી ગાધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ગાંધીનગર આયોજિત G20વસુધૈવ કુટુંબકમ કાર્યક્રમ અંતર્ગત બી.આર.સી કલોલનો કલા ઉત્સવ તેમજ બાળવાર્તા સ્પર્ધા તા : ૧૧/૮/૨૦૨૩ બી.આર.સી ભવન કલોલ ખાતે યોજાયેલ. જેમાં કલા ઉત્સવના જુદા જુદા વિભાગો જેવાકે બાલકવિ, સંગીત ગાયન, સંગીત વાદન અને ચિત્ર સ્પર્ધામાં પર જુદી જુદી શાળાના બાળકોએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પોતાનામાં રહેલ ઉત્તમ કલાકારના દર્શન કરાવ્યા. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી રાઠોડ સાહેબ, તાલુકા લાયજન અધિકારી હંસાબેન,બી.આર.સી કો.ઓ શ્રી પટેલ રાજુભાઈ ,તમામ સી.આર.સી કો.ઓ શ્રી તેમજ વિવિધ શાળા માંથી પધારેલા શિક્ષકશ્રીઓ મારફતે દરેક વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલ બાળકોને ઈનામ તેમજ તમામ બાળકો ને પ્રોત્સાહક ઈનામ ,પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. જીલ્લાકક્ષાના કલા ઉત્સવમાં પણ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી.




## અકસ્માતના દિવંગતો પ્રત્યે સી.આર.પાટીલે શોક વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૧

બાવળા-બગોદરા રોડ પર ટ્રક અને છોટા હાથીના અકસ્માતમાં ૧૦ લોકો મૃત્યુના સમાચાર મળતા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે શોકની લાગણી વ્યકત કરી છે

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ બાવળા-બગોદરા રોડ પર ટ્રક અને છોટા હાથીના અકસ્માતમાં ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે જેમાં પાંચ મહિલા અને ત્રણ બાળકોનો સમાવેશ છે. અકસ્માતમાં ઘાયલ ૩ વ્યકિતને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા છે. મળતી માહિતી પ્રમાણે ચોટીલાથી દર્શન કરી પરત ફરી રહેલા કપડવંજના સુંધા ગામના પરિવાર અકસ્માતનો ભોગ બન્યા છે આ દુખદ સમાચાર મળતા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે શોકની લાગણી વ્યકત કરી છે. અકસ્માતમાં જીવ ગુમાવનાર દિવંગત આત્માને ઈશ્વર શાંતિ પ્રદાન કરે અને પરિવારને દુખ સહન કરવાની શકિત આપે તેમજ ઈજાગ્રસ્ત ઝડપથી સ્વસ્થ્ય થાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરી વ્યક્ત કરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૯૮૭૯૭૯૭૮૮૪
ફોન-૦૭૯-૨૩૨૨૨૫૭૧

## ખોરજ ગામે ખુલ્લા બોરવેલમાં પડી ગયેલા શ્વાનનું સફળ રેસ્કયુ



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ખોરજ ગામે આશરે ૩૦ ફૂટ ઊંડા ખુલ્લાં બોરવેલમાં એક શ્વાન પડી જતાં તેને શહેરની શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ અને હેપ્પી યુથ ક્લબની સંયુક્ત રેસ્કયુ ટીમ દ્વારા સહી સલામત બહાર કાઢીને મુક્ત કરાયું હતું. ઘટનાની વિગતો અનુસાર ગઈ કાલે ખોરજ ગામે શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ અને હેપ્પી યુથ ક્લબની ટીમને જાણ થઈ હતી કે સવારના ૯ વાગ્યાથી ૩૦ ફુટ ઊંડા બોરવેલમાં એક શ્વાન પડી ગયું છે. ખોરજ ગામના ગામલોકોએ તેણે બહાર કાઢવા ઘણાં બધા પ્રયત્નો કર્યા હતા પરંતુ શ્વાનને બહાર કાઢવામાં સફળતાં મળી નહોતી. છેવટે રેસ્કયુ માટે સેવાભાવી સ્વયંસેવકોને કોલ મળતા સ્થળ પર પહોંચેલી બન્ને સંસ્થાની સંયુક્ત ટીમ દ્વારા એક બીજા સાથે વિચાર વિમર્શ કરી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આખરે તેમણે શ્વાનને ૩૦ મિનિટમાં જ બોરવેલમાંથી કાઢીને મુક્ત કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ખુલ્લાં બોરવેલમાં પ્રાણીઓ તેમજ બાળકો પણ પડી જવાની ઘટનાઓ વારંવાર સર્જાતી હોય છે ત્યારે આ પ્રકારે ખુલ્લાં રહેતા બોરવેલને યોગ્ય રીતે બંધ કરવાની તકેદારી તેના માલિકો તેમજ જવાબદાર નાગરિકોએ લેવી જોઈએ તે જરૂરી બનતું જાય છે.